સાહેબ, પૈસા બધાયને આપીએ છીએ તમનેય આપવા અમે તૈયાર છીએ

સેક્ટર-૬ બીમાં ગેરકાયદે ઝૂંપડાં હટાવવા ગયેલા વસાહતીઓ સમક્ષ ઝૂંપડાંવાસીઓનો લાંચનો પ્રસ્તાવ

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૫

'સાહેબ, પૈસા અમે બધાયને આપીએ છીએ અને તમે કહો તો તમનેય આપવા અમે તૈયાર છીએ પણ અમને અહીં રહેવા દો, અહીંથી હટાવશો નહીં.'

આ પ્રસ્તાવ સેક્ટર-૬ બીમાં શિવરંજની વસાહતની સામે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરની પાસે વસી ગયેલા ગેરકાયદે ઝૂંપડવાસની એક મહિલાએ વસાહતીઓને આપ્યો હતો. બે દિવસ પહેલાં આ ઘટના બની ત્યારે ગેરકાયદે ઝૂંપડાં હટાવવા ગયેલા વસાહતીઓ ચોંકી ગયા હતા. અને તેમને એ સાથે જ અનેક ફરિયાદો કરવા છતાં આ ઝૂંપડાં કેમ નથી હટતાં એ માટેનું સાચું કારણ પણ જાણવા મળી ગયું.

અલબત્ત, ઝૂંપડવાસીઓ દ્વારા કરવામાં આવતી ગંદકી અને શોરબકોરને કારણે ગળે આવી ગયેલા વસાહતીઓ ઝૂંપટા હટાવી દેવાના નિર્ધાર સાથે જ ઘરની બહાર નીકળ્યા હતા એ તલે એ મણે ઝૂંપડાંવાળાઓને ઉંચાળા ભરાવીને જ દમ લીધો. બધાં ઝૂંપડાં હટી રહ્યાં છે અને હવે પોતાનો પણ વારો આવવાનો છે એવું જાણી ગયેલી ઝૂંપડવાસની અન્ય એક મહિલાએ ખુલ્લેઆમ દર મહિને રૂા. ૫૦૦ આપવાની પણ ઑફર વસાહતી યુવાનો સમક્ષ કરી. અને યુવાનોને આઘાત તો ત્યારે લાગ્યો જ્યારે આ મહિલાએ કહ્યું, 'સાહેબ, ચાર છોકરાં છે મારે ને ઘરમાં અમે છ જણ છીએ. અમારે ક્યાં જવું ? એના કરતાં તમે લઈ લો પૈસા અને અમને રહેવા દો. બે-ત્રણ મહિના પછી અમે રકમ વધારી પણ દઈશું અને કોઈને કહીશું નહીં, ૫૦૦ રૂપિયા આપ્યાની અમારે કોઈ ચિઠ્ઠી પણ નથી જોઈતી.'

ઝૂંપડવાસમાં રહેતી અન્ય એક માથાભારે મહિલાએ વસાહતીઓનો સામનો કરતાં જણાવ્યું, 'આ તો સરકારની જમીન છે અને અમે સરકારની જમીનમાં રહીએ છીએ. તમે અમને હટાવનારા તમે કોણ ? જે કરવું હોય તો કરી લો, અમે તો અહીં જ રહીશું.'

યુવાન વસાહતીઓને ઝૂંપડાં હટાવવા આવેલા જોઈ અન્ય બે મહિલાઓએ ધીમા અવાજે પણ સ્પષ્ટતાથી કહ્યું, 'સાહેબ, જોઈએ તો પૈસા લઈ લો અને બીજી કોઈ સેવા જોઈતી હોય તોય કહો. અમે બેય તમે કહો એ સેવા કરવા તૈયાર છીએ. પણ અમને અહીંથી હટાવશો નહીં.'

છેલ્લાં બે વર્ષથી આ જ ઝૂંપડવાસીઓના ત્રાસથી ભડકીને તેમને જાતે જ હટાવવા બહાર પડેલા સ્થાનિક વસાહતીઓ આ પ્રસ્તાવ સાંભળીને વિફર્યા હતા અને રાતોરાત એમણે ઝૂંપડાંવાસીઓને વસાહત સામેથી દૂર કર્યા હતા.

નગરની જાણીતી કલાસંસ્થા નૃત્યશ્રી કલાવૃંદ દ્વારા દસ દિવસીય રાજસ્થાની નૃત્ય તાલીમ શિબિરના અંતે બુધવારે સાંજે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ હૉલ ખાતે ૫૦ જેટલી શિબિરાર્થી બાળકીઓ દ્વારા રાજસ્થાની નૃત્યોનો સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. **(તસવીર : કુંતલ નિમાવત)**

સરકારી આવાસોમાં બિન-અધિકૃત વસવાટ અંગે ફરી સર્વે હાથ ધરાશે

સેક્ટર્સની ઈન્ક્વાયરી કચેરી તપાસ હાથ ધરશે

દર પંદર દિવસે તપાસના અંતે રિપોર્ટ તૈયાર થશે

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં બિનઅધિકૃત વસવાટ અંગે યોગ્ય ચકાસણી હાથ ધરવા સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કક્ષાએથી દર પંદર દિવસે તપાસ હાથ ધરવામાં આવશે. જયારે ઈન્કવાયરી કક્ષાએથી હાથ ધરાયેલ આ સર્વેના અંતે વિભાગને રીપોર્ટ સુપ્રત કરવામાં આવશે.

પાટનગરમાં દાયકાઓથી અસ્તિત્વ ધરાવતા સરકારી આવાસો જાળવણીના અભાવે ખંડેર તેમજ ભયાનક બનતા જતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે ત્યારે સરકારી કક્ષાએથી કર્મચારીઓને મળવાપાત્ર વિવિધ કક્ષાના મકાનોમાં બિનઅધિકૃત વસવાટ હોવાની વ્યાપક ફરિયાદો પણ સમયાંતરે કકળાટનું કારણ બને છે. અંદાજિત દોઢ વર્ષ અગાઉ પણ શહેરમાં આવા ૯૬ જેટલા મકાનોમાં ગેરકાયદેસર કબજો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના વિવિધ બે માર્ગોની સુધારણા માટે ૨.૯૫ કરોડ ખર્ચાશે

શાહપુર-લવારપુર અને દહેગામ બાયડ માર્ગનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૫

જિલ્લામાં તબક્કાકવાર હાથ ધરાતી રસ્તાઓના મજબૂતીકરણની કામગીરી અન્વયે આગામી દિવસોમાં શાહપુર લવારપુર તેમજ દહેગામ-બાયડ માર્ગનું કામ હાથ ધરાશે. આ કામગીરી માટે રૂ. ૨.૯૫ કરોડના ખર્ચની વહીવટી મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં કામ શરૂ થઈ જશે.

ગાંધીનગર જિલ્લામાં હાલ માર્ગનવીનીકરણની કામગીરીએ જોર પકડયું છે. શહેરના મુખ્ય માર્ગો સહિત સેકટરોના આંતરિક રસ્તાઓ ઉપરાંત જિલ્લાના કેટલાક માર્ગોનું પણ મજબૂતીકરણ હાથ ધરવા તંત્ર કક્ષાએ આયોજન કરી દેવાયું છે.

શહેરમાં પણ નગરના મુખ્ય 'ઘ' માર્ગને ટનાટન બનાવવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે જયારે નવા અને જૂના સેકટરોમાં પણ ઉબડ ખાબડ માર્ગોને નવા રૂપરંગ આપવામાં આવી રહ્યા છે. જયારે જિલ્લાના અન્ય માર્ગોને અનુલક્ષીને પણ અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં શાહપુર-લવારપુર-આલમપુર તેમજ દહેગામ બાયડ માર્ગના રીસરફેસીંગ માટે રૂ. ૨.૯૫ કરોડના ખર્ચે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. આ કામગીરી સંદર્ભે વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાતા ખાસ મરામતના કામ હેઠળ માર્ગ સુધારણાનું કામ આરંભાશે. લાંબા સમયના અંતે જાળવણીના અભાવે ઉબડ ખાબડ બનેલા માર્ગો હવે ચકાચક બનાવાશે.

મોડલરૂપ આરટીઓ કચેરીમાં દુવિધાનો ભોગ બનતા નાગરિકો

જૂના રેકર્ડ માટે કમ્પ્યુટરાઈઝ્ડ વર્ક થઈ શકતું નથી

નવી આર સી બૂકમાં પણ ભૂલોની ભરમાર સર્જાય છે

ગાંધીનગર, તા. ૨૫

પાટનગરમાં રાજયની મોડેલરૂપ અદ્યતન આર.ટી.ઓ. કચેરીનું નિર્માણ કરાયું હોવાની સોહામણી વાતોના અંતે પણ બિહામણી હકીકતો સામે આવી રહી છે. અપૂરતા સ્ટાફ વચ્ચે ધમધમતી આર.ટી.ઓ. કચેરીમાં કામ અર્થે જતા આમ નાગરિકોએ હજુ પણ સમય અને નાણાનો વ્યય કરવો પડતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. નાગરિકોએ ચલણ ભરવા બેંકમાં સર્વર પ્રોબ્લેમના લીધે સમય બગાડવો પડે છે. જ્યારે નવી આર.સી. બુકમાં પણ ભૂલોની ભરમાર છતી થતા ક્ષતિ સુધારવા પૈસા અને સમયનો ભોગ આપવો પડે છે. જ્યારે નવીન કચેરી કાર્યરત થયા બાદ મહિનાઓના અંતે પણ સ્ટાફની ઘટના લીધે સંબંધિત કામગીરી બિનઅસરકારક હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

મોડેલરૂપ મનાતી આર.ટી.ઓ. કચેરીમાં ચાલતા મુલાકાતીઓએ રોજબરોજ અનેક દુવિધાઓનો સામનો કરવો પડતો હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે. ટેક્ષ ભરપાઈ માટે અમલી બનેલી ચલણપદ્ધતિના લીધે અરજદારો વાહનોનો ટેક્ષ માટે બેંકમાં ચલણ ભરવા માટે જાય છે. પરંતુ બેંકમાં સર્વર પ્રોબ્લેમ ફેસ કર્યા બાદ ચલણની રસીદ આપ્યા પછી પણ ઝીરો પેમેન્ટની રસીદ સંદર્ભે તો કાર્યવાહી હાથ ધરવી પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

કેનાલ પાસે ઉભેલા દંપતિનો સિકયુરીટી ઈન્ચાર્જે તોડ કર્યો!

પ્રતિબંધિત વિસ્તારમાં આવ્યા હોવાનું કહી ૧૦ હજાર પડાવ્યા

ગાંધીનગર, તા.૨૫

'તમે પ્રતિબંધિ વિસ્તારમાં કેમ આવ્યા છો?' તેમ કહી સિકયુરીટી ઈન્ચાર્જે ખોરજ નર્મદા કેનાલ પાસે ઉભેલા દંપતિ પાસેથી રૂ. ૧૦હજારનો તોડ કર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદમાં નીલકંઠ મહાદેવ સોસાયટીમાં રહેતા કૃણાલ હીતેન્દ્રચંદ્ર રાવલ ગઈકાલે તેમના પત્ની રૂચિતા તેમજ તેની ફ્રેન્ડ કૈની સાથે ખેડબ્રહ્મા માતાજીના દર્શન માટે ગયા હતા. જ્યારે ખેડબ્રહ્માથી દર્શન કરીને પરત ફરતી વેળાએ કૃણાલના પત્નીને ચકકર આવતા તેઓ થોડીવાર માટે ખોરજ કેનાલ નજીક આરામ કરવા રોકાયા હતા. આ દરમિયાન સ્થળ પરના સિકયુરીટી જવાને સિકયુરીટી ઈન્ચાર્જને દંપતીના આ રોકાણ સંદર્ભે જાણ કરી હતી. જેથી સિકયુરીટી ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ યાદવે સ્થળ પર પહોંચી આ દંપતીને તમે કેમ પ્રતિબંધિત વિસ્તારમાં આવ્યા છો તેમ કહી રૂ. ૧૦હજાર ૫૦૦નો દંડ ભરવા જણાવ્યું હતું. જેથી ગભરાયેલા દંપતિએ પૈસા મંગાવીને સિકયુરીટી ઈન્ચાર્જ મહેન્દ્રસિંહને આપ્યા હતા. કેનાલ પર ઉભેલા દંપતિને રૂ. ૧૦હજારનો તોડ થયો હોવાની હકીકતનો અહેસાસ થતા કૃણાલભાઈએ આજે આ સંદર્ભે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તપાસ પંચની ભલામણોનો અભ્યાસ કરી પગલાં સૂચવવા રચાયેલી સમિતિની પ્રથમ બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં બે વર્ષ અગાઉ થયેલ લઠ્ઠાકાંડની તપાસ માટે રચાયેલ પંચની ભલામણોનાં અભ્યાસ કરીને પગલા સૂચવવા રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિની બેઠક મળી હતી.

રાજયમાં અમદાવાદ ખાતે લઠ્ઠાકાંડની ઘટના બનવા પામી હતી જેમાં ૧૫ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને લઈને રાજ્ય સરકારે લઠ્ઠાકાંડની તપાસ માટે તપાસ પંચની રચના કરી હતી.

આ તપાસ પંચે લઠ્ઠાકાંડની ઘટનાની તપાસ કરીને તેની ભલામણો સાથેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો. રાજ્ય સરકારે તપાસ પંચે અહેવાલમાં કરેલી ભલામણોનો અભ્યાસ કરીને તેનો અમલ કરવા માટે પગલા સૂચવવા માટે ઉચ્ચ અધિકારીઓની એક સમિતિની રચના કરી હતી.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંબંધીત વિભાગોના ઉચ્ચ અધિકારીઓની રચાયેલી સમિતિની પ્રથમ બેઠક આજે મળી હતી. આ બેઠકમાં રાજયમાં લઠ્ઠાકાંડ જેવી ઘટના બનતી અટકાવવા અને આ અંગે લોકોમાં જનજાગૃતિ લાવવા માટે તપાસ પંચ દ્વારા જે ભલામણો કરવામાં આવી છે. એ ભલામણો પર ચર્ચા-વિચારણા કરી હતી. તેમજ આ ભલામણોનો અમલ કરવા માટે કેવા કેવા પગલા અને કાર્યક્રમો કયા વિભાગ દ્વારા હાથ ધરાવા જોઈએ એ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

'અશોક' નો 'SHOCK'...

કેટલાંક સંબંધો જીવન સાથે વણાઈ જાય છે,
કેટલીક યાદો સ્વપ્ન બની ને રહી જાય છે,
લાખો ખેલાડીઓ રમી જાય છે પણ,
કોઈકની રમત કાયમ યાદ રહી જાય છે...
આપણે જેને 'ACE' માનીએ છીએ તેને 'ઈશ્વર'
'DOUBLE FAULT' ઠરાવી દે છે..
આપણે જેને 'LOVE ALL' માનીએ છીએ
'ઈશ્વર' તેને 'SET POINT' ઠરાવી દે છે...
'અશોક' પણ 'SHOCK' આપશે એવું ક્યાં ધાર્યું હતું?
પણ 'REFREE' (ઊપરવાળા)ની આગળ
બધા 'PLAYER' હંમેશાં લાચાર હોય છે..
'REPLAY' ની પણ પરવાનગી નથી મળતી
જ્યારે 'ઈશ્વર' નું 'SCORE BOARD'
'MATCH' પુરી થયેલ જાહેર કરે છે...
હવે તો નવી સિસ્ટમ આવી ગઈ તેમ સમજાવતા હતા
પણ તેમની આમ અચાનક જવાની 'સિસ્ટમ' સમજાતી નથી...
જીંદગી 'લમ્બી' નહીં
'બડી' હોની ચાહિએ એ...સાબિત કરતા ગયા...
હમણાં જ 'નેટવર્ક'માં હતા અને હમણાં જ
'કવરેજ'ની બહાર થઈ ગયા !

અતુલ અમીન	દર્પણ બુચ	તરંગ હાથી
શિરીષ સુતરીયા	હરીશ અસનાની	હેમંત વ્યાસ
ગુંજન વ્હોરા	કેદાર થાનકી	નિખિલેશ દેસાઈ (યોગી)
નિલય દેસાઈ	પિયુષ શાહ	ઈન્દ્રવિજયસિંહ ઝાલા
વત્સલ વોરા	ધીરજ દેસાઈ	અભય પટેલ (લાલુ)
નિતીન મણીયાર	પરેશ પટેલ	અનુપ હરડે
અતુલ બક્ષી	કિશોર તામ્હણે	અનિકેત શાસ્ત્રી
એચ.ડી. સેઈલર	અમીત મહેતા	મહેશ ગણાત્રા
દિપક આચાર્ય	સાગર દેસાઈ	ઉલ્લાસ વોરા
અલ્પેશ પરમાર	સુરેશ પારઘી	રક્ષિત પંડીત

અને

સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧ પરિવાર.

ઉમિયા માતાજી મંદિર

ગાંધીનગર

જાહેરાત

શ્રી ઉમિયા માતાજી ગાંધીનગરનો ૯મો પાટોત્સવ તા. ૫-૫-૧૨ને શનિવારના રોજ ઉમંગભેર ઉજવવાનો હોઈ ઉમિયા પરિવારને ભોજનપાસ તારીખ ૩૦-૪-૨૦૧૨ સુધીમાં મેળવી લેવા વિનંતી છે. યજમાનો અને દાતાશ્રીઓને નિમંત્રણ કાર્ડ સાથે ભોજનપાસ મોકલવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

મંગળદાસ પટેલ — પ્રમુખ
ભોળાભાઈ પટેલ — મહામંત્રી

ગરમીને ઉનાળુ વૅકેશનની મૉસમમાં ઉનાળુ ફળ શેરડીની મૉજ નગરજનો મુક્ત મને માણી રહ્યા છે. **(તસવીર : દિપક જાની)**

ખૂણે ખાંચરેથી

● જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપનો આજે જન્મદિવસ હતો અને મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, મહેસુલ સચિવ શ્રી મીના સહિત બેઠક આગેવાનોએ તેમને શુભકામનાઓ પાઠવી હતી. ● સ્ટેમ્પડ્યુટી ભવનના નિર્માણ સ્થળે આજે સવારે એક સર્પ નીકળ્યો હતો. જેને પકડવા માટે માણસો આવી પહોંચ્યા હતા પરંતુ તે પકડાય તે પૂર્વે તે આબાદ છટકી ગયો હતો. ● ઈ.ધરાના પ્રશ્નોને લઈ આજે વડીલોનું એક પ્રતિનિધિ મંડળ જિલ્લા કલેક્ટરશ્રીને મળ્યું હતું. ● રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું આજે પાટનગરમાં પહેલીવાર જાહેર અભિવાદન અતિપછાત જાતિ વિકાસ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ● ગાંધીનગર શહેર નજીક વિકસી રહેલ ન્યુ ગાંધીનગરમાં આંતર માળખાકીય સુવિધાઓ નું લોકાર્પણ ઉજી મે ના રોજ કરાશે તેના હોર્ડિંગ્સ શહેરમાં લાગ્યા છે. ● વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ અંગેના પણ હોર્ડિંગ્સ શહેરમાં જોવા મળી રહ્યા છે.

SANGHI CEMENT | KISAN | TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | H.FIXIT | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com